ज्ञान-विज्ञान विमुक्तये

**An Executive Summary of the**

# UGC Sponsored Major Research Project

**Project Title**

A Critical Study of Indian Dalit Autobiographies as the Social, Cultural and Literary Document in the Context of Indian Dalit Movements

ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં ભારતીય દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ


Principal Investigator

**Kantilal K. Malsatar**

Assistant Professor

Department of Gujarati, Faculty of Arts,

The Maharaja Sayajirao University of Baroda

Vadodara, Gujarat



F.No.5-148/2014(HRP) Date : 18th November, 2015

## Contents of Thesis


| **અનુક્રમ** | **પૃષ્ઠ ક્રમાંક** |
|---|---|
| ૧.ભૂમિકા | ૧-૧૮ |
| ૨.મરાઠી દલિત આત્મકથા | ૧૯-૮૨ |

૧.ડો.બાબાસાહેબ આંબેડકરની આત્મકથા (દિલના દરવાજે દસ્તક)

૨.રામનગરી : રામ નગરકર (૧૯૭૭)

૩.બલૂત(અછૂત): દયા પવાર (૧૯૭૮)

૪.આઠવણીચે પક્ષી(સ્મૃતિની પાંખે) : પ્ર.ઈ.સોનકાંબલે (૧૯૭૯)

૫.મુ.પો.દેવાચે ગોઠણે : માધવ કોંડવિલકર (૧૯૭૯)

૬.ઉપરા : લક્ષ્મણ માને (૧૯૮૦)

૭.અંતઃસ્ફોટ : કુમુદ પાવડે (૧૯૮૧)

૮.કાટયાવરચી પોટં : ઉત્તમ બંડુ તુપે (૧૯૮૧)

૯.ફાંજર : નાનાસાહેબ ઝોગડે (૧૯૮૨)

૧૦.ગબાલ (ડેરાડંગર) : દાદાસાહેબ મોરે (૧૯૮૩)

૧૧.મિટલેલી કવાડે : મુક્તા સર્વગૌડ (૧૯૮૩)

૧૨.ગાવકી : રૂસ્તુમ આચલખાંબ (૧૯૮૩)

૧૩.આભરાન(પોતરાજ) : પાર્થ પોલકે (૧૯૮૪)

૧૪.ધુલપાટી : શ્રીરંગ તલવારે (૧૯૮૫)

૧૫.કોંડાલ : તુષાર ભાગ્યવંત (૧૯૮૬)

૧૬.ઝલા : લ.સ.રોકડે (૧૯૮૬)

૧૭.માજ્યા જલ્માચી ચિત્તર કથા : શાંતાબાઈ કાંબલે (૧૯૮૬)

૧૮.રાત્રા દિન આમ્હાં (ધૂપ ઔર છાંવ) : શાંતાબાઈ દાણી

૧૯.જિણં આમુચ(જીવન હમારા) : બેબી કાંબલે (૧૯૮૬)

૨૦.બેરડ : ભીમરાવ ગસ્તી (૧૯૮૭)

૨૧.ઉચલ્યા (ઉઠાઉગીર) : લક્ષ્મણ ગાયકવાડ (૧૯૮૭)

૨૨.તરાલ-અંતરાલ : શંકર રાવ ખરાત (૧૯૮૭)

૨૩.અક્કરમાશી : શરણકુમાર લિંબાલે (૧૯૮૮)

૨૪.તાંડા : આત્મારામ રાઠોડ (૧૯૯૦)

૨૫.ખ્રિસ્તી મહાર : બાલાસાહેબ ગાયકવાડ (૧૯૯૦)

૨૬.જાતીલા જાત વૈરી : ના.મ.શિન્દે (૧૯૯૦)

૨૭.મી તો ઠહરા હમાલ (મૈ તો ઠહરા હમાલ) : આપ્પા કોરપે (૧૯૯૨)

૨૮.અમારો બાપ અને અમે : નરેન્દ્ર જાધવ (૧૯૯૩)

૨૯. મરણકણા : જનાબાઈ ગિરહે (૧૯૯૩)

૩૦.મરણકણા : દ.શિ.સવાખંડે (૧૯૯૩)

૩૧.તીન દગડાચી ચૂલ : વિમલ મોરે

૩૨.મલા ઉદ્દ્ધ્વસ્ત વ્હાયચંય : મલિકા અમરશેખ (૧૯૯૪)

૩૩.કોલ્હાટયાચં પોર (છોરા કોલ્હાટીકા): કિશોર શાંતાબાઈ કાલે (૧૯૯૪)

૩૪.વાટ તુડવતાંના (અગનપથ) : ઉત્તમ કાંબલે (૧૯૯૪)

૩૫.બિનપટાચી ચૌકટ : ઈન્દુમતી જોધલે (૧૯૯૭)

૩૬.ઢોર : ભગવાન ઈંગલે (૧૯૯૯)

૩૭.બિન્હાડ : અશોક પવાર (૨૦૦૧)

૩૮.ભૂલે બિસરે દિન : અરુણ ખોરે (૨૦૦૧)

૩૯.આયદાન : ઉર્મિલા પવાર (૨૦૦૩)

૪૦.મી અસા ઘડલો (હું આમ ઘડાયો) : ભાલચંદ્ર મુણગેકર (૨૦૦૬)

૪૧.હોરપળ (દાહ) લ.સિ.જાધવ : (૨૦૧૬)

૩.ગુજરાતી દલિત આત્મકથા ૮૩-૧૨૨

૧.જીવન સંઘર્ષ : એક આદર્શ ક્રાન્તિકથા : ડાહ્યાભાઈ ૨. દિનબંધ,૨૦૦૧

૨.પૂર્ણસત્ય : બી.કેશરશિવમ્,૨૦૦૨

૩.થોરનું ફૂલ ભાગ-૧ : પી.કે.વાલેરા,૨૦૦૭

૪.થોરનું ફૂલ ભાગ-૨ : પી.કે.વાલેરા,૨૦૧૦

૫.થોરનું ફૂલ ભાગ-૩ : પી.કે.વાલેરા,૨૦૧૨

૬.થોરનું ફૂલ ભાગ-૪ : પી.કે.વાલેરા,૨૦૧૪

૭.બજતા જાયે એકતારા,વિઠ્ઠલરાય શ્રીમાળી,૨૦૦૯

૮.આત્મકથા : લલિત પરમાર,૧૯૯૭

૯.વડફળિયું : મણિલાલ રાનવેરિયા,૨૦૧૫

૪. હિન્દી દલિત આત્મકથા ૧૨૩-૧૮૮

૧.મેરે જીવન કે અનુભવ : સંતરામ બી.એ. (૧૯૬૩)

૨.મૈ ભંગી હું : ભગવાન દાસ(૧૯૮૧)

૩.અપને અપને પિંજરે, ભાગ-૧, : મોહનદાસ નૈમિશરાય (૧૯૯૫)

૪.અપને અપને પિંજરે, ભાગ-૨, : મોહનદાસ નૈમિશરાય (૨૦૦૦)

૫.જૂઠન : ઓમપ્રકાશ વાલ્મીકિ (૧૯૯૭)

૬.જૂઠન ભાગ -૨, ઓમપ્રકાશ વાલ્મીકિ (૨૦૧૫)

૭.દોહરા અભિશાપ : કૌશલ્યા બૈસંત્રી (૧૯૯૯)

૮.તિરસ્કાર : કે.નાથ (૧૯૯૯)

૯.મેરા સફર મેરી મંજિલ : ડી.આર.જાટવ (૨૦૦૦)

૧૦.તિરસ્કૃત : સૂરજપાલ ચૌહાણ (૨૦૦૨)

૧૧.સંતપ્ત : સૂરજપાલ ચૌહાણ (૨૦૦૬)

૧૨.ઝોપડી સે રાજભવન : માતા પ્રસાદ (૨૦૦૪)

૧૩.ઘુટન : રમાશંકર આર્ય (૨૦૦૫)

૧૪.ઇન્સાન સે ઈશ્વર તક : નવેન્દુ મહર્ષિ (૨૦૦૬)

૧૫.મેરે મન કી બાઇબિલ : નવેન્દુ મહર્ષિ (૨૦૦૭)

૧૬.રુકી હુઈ રોશની : નવેન્દુ મહર્ષિ (૨૦૧૧)

૧૭.મેરી પત્ની ઔર ભેડિયા : ધર્મવીર (૨૦૦૯)

૧૮.મેરે બચપન મેરે કંધો પર : શ્યોરાજસિંહ બેચૈન (૨૦૦૯)

૧૯.મુર્દહિયા : ડૉ.તુલસી રામ (૨૦૧૦)

૨૦.મણિકર્ણિકા : ડૉ.તુલસી રામ (૨૦૧૪)

૨૧.શિકંજે કા દર્દ : સુશીલા ટાકભૌરે (૨૦૧૧)

૨૨.નાગફની : રુપનારાયણ સોનકર (૨૦૧૧)

૨૩.ગોબરહા : વિશ્વનાથ રામ (૨૦૧૬)

૨૪.ટુકડા-ટુકડા જીવન : કાવેરી (૨૦૧૭)

૨૫.અપની જમી અપના આસમા : રજની તિલક (૨૦૧૭)

૫.પંજાબી દલિત આત્મકથા ૧૮૯-૨૦૩

૧.ગૈરહાજિર આદમી, પ્રેમ ગોરખી,૧૯૯૪

૨.પગડંડિયાં,બચિંત કૌર,૧૯૯૬

૩.દાસ્તાન,લાલસિંહ 'દિલ',૧૯૯૮

૪.છાંગ્યારુક્ખ,બલબીર માધોપુરી,૨૦૦૨

૫.જલાલત,સરુપ સ્યાલવી

૬.બંગાળી દલિત આત્મકથા ૨૦૪-૨૦૬

૧.આલો-આંધારિ,બેબી હાલદાર,૨૦૦૨

૭.કન્નડ દલિત આત્મકથા ૨૦૭-૨૧૧

૧.ગવરમેંટ બ્રાહ્મણ, અરવિન્દ માલગત્તિ,૧૯૯૪

૨.ઉરુકેરી (ગાંવ ગલી),સિદ્ધલિંગય્યા,૧૯૯૬

૩.મણેગાર,તુંબાડી રામય્યા,૧૯૯૯

૮.તમિલ દલિત આત્મકથા ૨૧૨-૨૧૪

૧.કરુક્કુ, બામા,૧૯૯૨

૯.અંગ્રેજી દલિત આત્મકથા ૨૧૫-૨૧૮

૧.આઈ વોજ એન આઉટ કાસ્ટ ઇન્ડિયન : હજારી (૧૯૫૧)

૨.અનટોલ્ડ સ્ટોરી ઓફ અ ભંગી વાઈસચાન્સલર : પ્રો.શ્યામલાલ (૨૦૦૧)

૧૦.ઉપસંહાર ૨૧૯-૨૩૪

સંદર્ભિત દલિત આત્મકથા સૂચિ ૨૩૫-૩૩૮

સામયિક લેખ સૂચિ ૨૩૯-૨૪૩

સંદર્ભગ્રંથ સૂચિ : ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ૨૪૪-૨૪૯

## Contents of the Executive Summary

I. Summary
II. Key Finding
III. Conclusions
IV. Bibliography

# I. Summary


પ્રસ્તુત સંશોધનના પ્રથમ પ્રકરણ 'ભૂમિકા'માં દલિત, દલિત સાહિત્ય : સંજ્ઞા-વિભાવના અને લક્ષણોની સઘન ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ બે 'મરાઠી દલિત આત્મકથા'માં ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં મરાઠીભાષાની ૪૧ દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. દા.ત.નરેન્દ્ર જાદવની 'અમારો બાપ અને અમે' આત્મકથા પિતૃસ્નેહની રસપ્રદ સંસ્મરણ કથા છે પરંતુ દલિત તત્ત્વની ગેરહાજરી આશ્ચર્ય પમાડે છે. લક્ષ્મણ માનેની 'ઉપરા', લક્ષ્મણ ગાયકવાડની 'ઉઠાઉગીર', બેબી કામ્બલેની 'જીવન હમારા', શરણકુમાર લિમ્બાલેની 'અક્કરમાશી' વગેરે દલિત આત્મકથાઓમાંથી દલિત સમાજનો સામાજિક, સાંસ્કૃતિક સંદર્ભ સઘનતાથી નિરુપાયો છે, એટલું જ નહિ આ આત્મકથાઓ સાહિત્યિક માપદંડથી તપાસતા પણ ખરી ઉતરી છે. વિશેષ તો મરાઠીમાં સાત જેટલી દલિત સ્ત્રી લેખિકાઓ પાસેથી આત્મકથાઓ મળી છે, આ આત્મકથાઓ દ્વારા દલિત સમાજની સ્ત્રીઓની વાસ્તવિક છબી પ્રાપ્ત થાય છે.

પ્રકરણ ત્રણ 'ગુજરાતી દલિત આત્મકથા'માં ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં ગુજરાતી ભાષાની નવ દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. બી.કેશર શિવમની 'પૂર્ણસત્ય' સિવાયની આત્મકથાઓ આત્મકથા તરીકે નબળી છે. પરંતુ આ આત્મકથાઓ નિમિત્તે ગુજરાતના દલિત સમાજનો સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસ સાંપડે છે.

પ્રકરણ ચાર 'હિન્દી દલિત આત્મકથા'માં ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં હિન્દીભાષાની પચીસ દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. હિન્દી આત્મકથાઓમાં ઓમપ્રકાશ વાલ્મીકિની 'જૂઠન', તુલસીરામની 'મુર્દહિયા' અને સુશીલા ટાકભૌરેની 'શિકંજે કા દર્દ'વગેરે દલિત આત્મકથાઓમાં દલિત સમાજનો સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભ સઘનતાથી આલેખાયો છે.

પ્રકરણ પાંચ 'પંજાબી દલિત આત્મકથા'માં ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં પંજાબીની પાંચ દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.બલબીર માધોપુરીની 'છાંગ્યારુક્ખ' ઉલેખનીય છે.

પ્રકરણ છ 'બંગાળી દલિત આત્મકથા'માં ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં બેબી હાલદારની 'આલો-આંધારી' દલિત આત્મકથાનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

પ્રકરણ સાત 'કન્નડ દલિતઆત્મકથા'માં ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં કન્નડ ભાષાની ત્રણ દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. અહી અરવિંદ માલગત્તીની 'ગવરમેંન્ટ બ્રહ્માણ' દલિત આત્મકથા તરીકે મહત્ત્વની છે.

પ્રકરણ આઠ 'તમિલ દલિત આત્મકથા' અંતર્ગત બામાની 'કરુક્કુ' આત્મકથાનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ આત્મકથાની ખાસિયત એ છે કે લેખિકા દ્વારા દલિત-પીડિત સમાજમાં જાગૃતિ લાવવાનો જે પ્રયાસ થયો છે તે નોંધપાત્ર છે.

પ્રકરણ નવ 'અંગ્રેજી દલિત આત્મકથા'માં ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં અંગ્રેજી ભાષાની બે દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક દસ્તાવેજ તરીકે વિવેચનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. શ્યામલાલની 'અનટોલ્ડ સ્ટોરી ઓફ ભંગી વાઈસ ચાન્સલર' માં આત્મકથાકારના બાળપણથી માંડીને યુનિ.ના વાઈસ ચાન્સલર બન્યા સુધીની સફર રસપ્રદ છે.

પ્રકરણ દસ 'ઉપસંહાર'માં ૮૪ જેટલી ભારતીય દલિત આત્મકથાઓનો તુલનાત્મક અભ્યાસ કરી સંશોધનના નિચોડરૂપે તારણો આપ્યા છે.

# II. Key Finding

1. દલિત
2. દલિત આંદોલન
3. ભારતીય દલિત આંદોલન
4. ભારતીય દલિત આત્મકથા
5. દલિત આત્મકથા
6. સામાજિક અભ્યાસ
7. સાંસ્કૃતિક અભ્યાસ

# III. Conclusions

પ્રથમ પ્રકરણમાં ભૂમિકારૂપે 'દલિત', 'દલિત સાહિત્ય' સંજ્ઞા, વિભાવના, લક્ષણો અને દલિત સાહિત્યના ઉદ્ભવ માટેના પેરક પરિબળોની ચર્ચા કરી છે. ત્યાર પછીના પ્રકરણોમાં ભારતની વિવિધ ભાષાઓમાં લખાયેલી દલિત આત્મકથાઓનો ભારતીય દલિત આંદોલનના સંદર્ભમાં ભારતીય દલિત આત્મકથાઓનો સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક અભ્યાસ કર્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં ભારતની વિભિન્ન ભાષોઓની કુલ ૮૪ દલિત આત્મકથાઓનો અભ્યાસ પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો છે. જેમાં મરાઠીની ૪૧, ગુજરાતીની ૧૦, હિન્દીની ૨૧, પંજાબીની ૦૫, કન્નડની ૦૩, તમિલની ૦૧, બંગાળીની ૦૧ અને અંગ્રેજીની ૦૨ દલિત આત્મકથાઓ છે. દલિત સ્ત્રી લેખિકાઓની કુલ ૨૧ આત્મકથાઓ મળી છે. જેમાં મરાઠીની ૧૪ છે, હિન્દીમાં ૦૪, પંજાબીમાં ૧, બંગાળીમાં ૧, કન્નડમાં ૧, ગુજરાતીમાં એક પણ દલિત સ્ત્રી લેખિકાની આત્મકથા મળતી નથી! વિચરતી-વિમુક્ત જાતિઓની કુલ સાત આત્મકથાઓ પ્રાપ્ત થાય છે. સાત આત્મકથાકારોમાંથી બે સ્ત્રી આત્મકથાકારો છે. આ સાતે આત્મકથાકારો મહારાષ્ટ્રના છે!! આ આત્મકથાઓમાંથી પસાર થતાં ભારતના વિવિધ રાજ્યની વિવિધ દલિત જાતિઓની વાસ્તવિકતાનો સઘન પરિચય થાય છે. ભારતની ચમાર-જાટવ, ભંગી-વાલ્મીકિ, મહાર, માંગ-માતંગ, વણકર, કોલ્હાટી, ઢોર, કુંભાર(આઝાદી પૂર્વે દલિત જાતિ), દલિત ઈસાઈ, ખ્રિસ્તી-મહાર, વિચરતી વિમુક્ત જેવી જાતિઓના આત્મકથાકારોની આત્મકથાઓ સાંપડે છે. સૌથી વધારે મહાર જાતિના આત્મકથાકારો છે.

આ આત્મકથાઓમાંથી પસાર થતાં ભારતના વિવિધ રાજ્યની વિવિધ દલિત જાતિઓની વાસ્તવિકતાનો સઘન પરિચય થાય છે. ભારતની સમાજવ્યવસ્થાનું પણ નક્કર ચિત્ર સામે આવે છે. ભારતમાં કુલ કેટલી દલિત જાતિઓ છે તેનો અંદાજ પણ આ આત્મકથાઓને આધારે પ્રાપ્ત થાય છે. દા.ત.

૧.જાટવ અથવા ચમાર - મુક્કામ પોસ્ટ દેવાચે ગોઠણે-માધવ કોંડવિલકર, અપને-અપને પિંજરે-મોહનદાસ નૈમિશરાય, ઝોંપડી સે રાજભવન-માતા પ્રસાદ, મેરા સફર મેરી મંજિલ-ડી. આર. જાટવ, જાતીલા જાત વૈરી, ના.મ.શિન્દે, મેરા બચપન મેરે કંધો પર-શ્યોરાજસિંહ બેચૈન, મુર્દહિયા-તુલસી રામ, મણિ કર્ણિકા-તુલસી રામ, નાગફની-(ખટિક-ચમાર) રુપનારાયણ સોનકર, ગોબરહા-વિશ્વનાથ રામ, અપની જમી અપના આસમા-રજની તિલક, જલાલત-સરુપ સ્યાલવી, દાસ્તાન-લાલસિંહ દિલ, ગવરમેંટ બ્રાહ્મણ-અરવિન્દ માલગતિ,

૨.વાલ્મીકી અથવા ભંગી – જૂઠન-ઓમપ્રકાશ વાલ્મીકી, તિરસ્કૃત-સૂરજપાલ ચૌહાણ, સંતપ્ત-સૂરજપાલ ચૌહાણ, શિકંજે કા દર્દ-સુશીલા ટાકભૌરે, મૈં ભંગી હૂં-ભગવાન દાસ, આઈ વોજ એન આઉટ કાસ્ટ-હજારી, અનટોલ્ડ સ્ટોરી ઓફ અ ભંગી વાઈસચાન્સલર-પ્રો.શ્યામલાલ

૩.મહાર જાતિ – અછૂત-દયા પવાર, તરાલ-અંતરાલ-શંકરરાવ ખરાત, યાદોં કે પંછી- પ્રા. પ્ર. ઈ. સોનકાંબળે, જીવન હમારા- (ડોમ જાતિ)બેબી કાંબલે, ગાવકી-રુસ્તમ આચલખાંબ, આભરાન(પોતરાજ)-પાર્થ પોલકે, કોંડાલ-તુષાર ભાગ્યવંત, ઝલા-લ.સ.રોકડે, માઝ્યા જલ્માચી ચિત્તર કથા-શાંતાબાઈ કાંબલે, રાત્રા દિન આમ્હા-શાંતાબાઈ દાણી, અક્કરમાસી-શરણકુમાર લિંબાલે, મરણકળા-સ.શિ.સવાખંડે, આયદાન-ઉર્મિલા પવાર, મી અસા ઘડલો-ભાલચંદ્ર મુણગેકર, દોહરા અભિશાપ-કૌશલ્યા બૈસંત્રી,

૪.વણકર જાતિ - પૂર્ણ સત્ય-બી. કેશરશિવમ્, થોરનું ફૂલ' ભાગ-૧ થી ૪ - પી. કે.વાલેરા, વડફળિયું-મણિલાલ રાનવેરિયા, બજતા જાયે એક તારા-વિઠ્ઠલ રાય, આત્મકથા-લલિત પરમાર, અતીતનાં અનેરાં સંસ્મરણો-ચાવડા ખેમચંદ, સ્વાતંત્ર્યની મંઝિલ-વિનુભાઈ ભૈરવિયા, માં'યલો ભીતર તો, જલે!-શંકર પેન્ટર, મનસ્થ-નટુભાઈ પરમાર

૫.માંગ-માતંગ જાતિ - કાટ્યાવચ્ચી પોંટ-ઉત્તમ બંડૂ તુપે, મણેગાર-તુંબાડી રામય્યા

૬.વિચરતી-વિમુક્ત જાતિ - ઉપરા(કૈકાડી જાતિ)લક્ષ્મણ માને, ઉઠાઉગીર-લક્ષ્મણ ગાયકવાડ, ડેરાડંગર-(કુડમુડે જોશી જાતિ)દાદાસાહબ મોરે, બેરડ-ભીમરાવ ગસ્તી, મરણકળા- (ગોપાળા જાતિ)જનાબાઈ ગિરહે, તીન દગડાચી ચૂલ-(ગોંધળી)વિમલ મોરે, બિન્હાડ-(બેલદાર જાતિ)અશોક પવાર,

૭.કોલ્હાટી જાતિ (નાચવા-ગાવાવાળો સમુદાય) - છોરા કોલ્હાટી કા-કિશોર શાંતાબાઈ કાળે

૮.લમાણ, બંજારા- તાંડા-આત્મરામ રાઠોડ

૯.દલિત રખાતથી ઉત્પન્ન સંતાન - અક્કરમાશી-શરણકુમાર લિંબાલે

૧૦.પંજાબી રામદાસિયા દલિત - છાંગ્યારુક્ખ-બલબીર માધોપુરી

૧૧.દલિત ઈસાઈ - કરુક્કુ (મૂળ પરૈય જાતિ) : બામા; ખ્રિસ્તી મહાર

૧૨.નાઈ - રામ નગરી-રામ નગરકર,

૧૩.ઢોર જાતિ - ઢોર-ભગવાન ઈંગલે

૧૪.કુંભાર જાતિ - મેરે જીવન કે અનુભવ-સંતરામ બી.એ.

૧૫.ખિસ્તી મહાર જાતિ- ખિસ્તી મહાર-બાલાસાહેબ ગાયકવાડ

મોટા ભાગના આત્મકથાકારોનું બાળપણ આઝાદી પૂર્વેના એક દાયકા અને આઝાદી પછીના એક-દોઢ દાયકામાં મુખ્યત્વે ગામડાંમાં વીત્યું છે. દલિત સમાજમાં શિક્ષણ મેળવનારી આત્મકથાકારોની આ પહેલી પેઢી છે. આ આત્મકથાઓને પરિણામે આઝાદી પૂર્વે અને આઝાદી પછીના ભારતની સામાજિક સંરચનાનું ચિત્ર સાંપડે છે. જાતિ આધારિત ભારતીય સામાજિક સંરચનામાં જાતિઓની સામાજિક-સાંસ્કૃતિક હેસિયત અનુસાર તેનો વસવાટ નક્કી થતો હતો. એક પારંપરિક ગામમાં બિનદલિત જાતિઓ ગામની મધ્યમાં, મધ્યવર્ગની જાતિ થોડી બહારની તરફ અને દલિત જાતિ ગામને છેવાડે - ખાસ કરીને દક્ષિણ દિશામાં વસતી હતી ! દલિત વસ્તી તરફ મોટેભાગે સામૂહિક કબ્રસ્તાન, કચરો ફેંકવાની જગ્યા, મૃત પશુઓનું ચામડું ઉતારવાની જગ્યા રહેતી! બિનદલિતોના ઘર પાક્કા રહેતાં, જ્યારે દલિતોના નાનાં નાનાં ઝૂંપડાં. મરાઠી આત્મકથાકાર દયા પવારે તેની 'અછૂત' (૧૯૭૮) આત્મકથામાં તેનાં અકોલા તાલુકાનાં ધામળ ગામનું લોકેશન બતાવતાં નોંધ્યું છે કે - "એક ટીલે પર મહારવાડા. ગાંવ કે નિચલે હિસ્સે પર. કહતે હૈં કિ હવા ઔર નદી કા પાની ઉચ્ચ જાતિયોં કો શુદ્ધ મિલે ઈસલિયે ગાંવો કી રચના પ્રાચીન કાલ સે ઈસી તરહ કી ગઈ. સબકે ઘરોં કે દરવાજે ગાંવ કે વિરુદ્ધ દિશા મેં." (અછૂત,પૃ. ૩૨) વિઠ્ઠલ રાયની આત્મકથા 'બજતા જાયે એકતારા (અર્ધસત્ય)' (૨૦૦૯)માં દલિત વાસ વિશે નોંધ્યું છે કે, "૧૯૪૭ પહેલાં અંત્યજ સમાજ અત્યંત કફોડી હાલતમાં જીવતો હતો. ગામથી દૂર ઉગમણી બાજુએ કાચા માટીના ભીંતડાંવાળા, દેશી નળિયાં કે ઘાસના પૂળા નાખેલા મકાનોમાં અંત્યજ સમાજ રહેતો હતો. કેટલાક અતિકંગાળ કુટુંબો તો ઘાસ અને કરાંઠીના કૂબાઓમાં રહેતા હતા. ગામ વસે ત્યારે અંત્યજ વાસ કાયમ પૂર્વ

દિશામાં જ હોય. સવર્ણો એમ માનતા હશે કે પશ્ચિમનો પવન સવર્ણ મહોલ્લો અભડાવે, એટલે એમનો વાસ કાયમ પૂર્વમાં જ રહેતો. પૂર્વની વસતિને ઢેડના અળખામણા નામથી બોલાવાતી આ કોમ એક તો ગરીબીથી પીડાય, તેમાંય સન્માન ના માળે, હડધૂત થાય, એના મનમાં શું વીતતું હશે." (બજતા જાયે એકતારા (અર્ધસત્ય), પૃ.૫)

સુશીલા ટાકભૌરેની આત્મકથા 'શિકંજે કા દર્દ'(૨૦૧૧) છે. આત્મકથાકારનો જન્મ વાલ્મીકિ જાતિમાં મધ્યપ્રદેશના બાનાપુરા ગામમાં થયો હતો. આ લેખિકાનો દલિતવાસ પણ ગામ છેવાડે હતો. "गांवों में वर्णभेद-जातिभेद की सारी बुराइयों बसती थी। अछूत माने गये जाति-समूदाय के लोग समाज व्यवस्था के नियम से गांव के बाहर बसाए जाते थे, नानी का घर भी गांव से दूर पश्चिम दिसा मरु, जंगल के किनारे था, जिधर से रेल्वे लाईन गई है।" (पृ.१३)

બલબીર માધોપુરી તેમના માધોપુર (જાલંધર-પંજાબ) ગામનાં વાસનું વર્ણન કરતાં 'છાંગ્યારુક્ખ'માં નોંધ્યું છે કે, "ગાંવ દેખને કો હાલાંકિ ઈકઠ્ઠા હૈ, પર પીને કે પાની કે લિયે કુઆં અપના - અપના હૈ." (છાંગ્યારુક્ખ, પૃ. ૨૨)

દલિત જાતિઓમાં પણ પેટા જાતિઓ છે! દલિત જાતિઓનો વાસ તેના સામાજિક મોભા અનુસાર રહેતો! દા.ત. પ્રા. પ્ર. ઈ. સોનકાંબળેએ તેમની 'યાદોં કે પંછી' (૧૯૭૯) આત્મકથામાં તેમનાં ગામનાં દલિત વાસની સ્થિતિ દર્શાવતાં નોંધ્યું છે કે, "ગાંવ કે અંતિમ છોર પર દલિતોં કી બસ્તિયાં હોતી હૈં. હડોલતી ભી ઈસકા અપવાદ નહીં થા. ...પહલે મહારોં કી બસ્તી ઉસકે પીછે માતંગો કી" (યાદોં કે પંછી, પૃ.૩૫) સુશીલા ટાકભૌરેની 'શિકંજે કા દર્દ' (૨૦૧૧) માં પણ દલિત વાસની આવી જ સ્થિતિ જોવા મળે છે.

વિચરતી વિમુક્ત જાતિના લોકો તો ગામ વિનાના, ઘર વિનાના, ઠેકાણા વિનાના, જમીન વિનાના, જન્મ તારીખ વિનાના હતા! રોજીરોટીની શોધમાં સતત એક ગામથી બીજા ગામ ભટકતા રહેવું પડે છે. દા.ત.જનાબાઈ ગિરહેની 'મરણકણા', લક્ષ્મણ માનેની 'ઉપરા', લક્ષ્મણ ગાયકવાડની 'ઉઠાઉગીર', દાદાસાહેબ મોરેની 'ડેરાડંગર', વિમલ મોરેની 'તીન દગડાચી ચૂલ'વગેરે

મોટાભાગની ભારતીય દલિત આત્મકથાઓમાં દલિતવાસની આવી જ સ્થિતિ જોવા મળે છે. દલિત સર્જકોની રચનાઓ પહેલાં દલિતવાસની વાસ્તવિક સ્થિતિનો નક્કર પરિચય ભાગ્યે જ કોઈ રચનામાં જોવા મળે છે. 'બાબા અબ ન બસબ યહિ ગાંવ' કહીને કબીરે ગામની જે વાસ્તવિકતાનો સંકેત કર્યો હતો, તેનો પછીના સાહિત્યમાં એ નક્કર વાસ્તવિકતાનું આલેખન જોવા મળતું નથી. અર્વાચીન કાળમાં પ્રેમચંદ, સુન્દરમ્, ઉમાશંકરે તથા અન્ય પ્રગતિવાદી સાહિત્યકારોએ ગામની વાસ્તવિક સ્થિતિ આલેખી હતી. પણ એ આલેખન સ્વાનુભૂતિનું નહોતું. સાહિત્યના ઈતિહાસમાં દલિત આત્મકથાઓ દ્વારા દલિત વાસનું પ્રામાણિક ચિત્ર પ્રત્યક્ષ થાય છે, એ દષ્ટિએ એનું ઘણું મૂલ્ય છે.

ભારતીય દલિત આત્મકથાઓ ભારતની વિભિન્ન દલિત જાતિઓનો સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક દસ્તાવેજ છે. ભારતમાં ચોતરફ ફેલાયેલો દલિત સમાજ વર્ણવ્યવસ્થાને કારણે ઉદ્ભવેલી અસ્પૃશ્યતાથી પીડિત છે. જુદાં-જુદાં પ્રદેશના દલિતોના જીવનના અનુભવ જુદાં-જુદાં પરંતુ અનુભૂતિ લગભગ સમાન. આઝાદી પછી પણ વર્ણાશ્રમપ્રથા અને અસ્પૃશ્યતા હયાત છે! લગભગ તમામ આત્મકથાકારોને શિક્ષણ માટે સંઘર્ષ કરવો પડ્યો છે. આત્મકથાકારોને શાળાનો ઉંબરો ઓળંગતા જ અસ્પૃશ્યતાનો દઝાડનારો અનુભવ થયો છે. શાળામાં થયેલા અનુભવ વિશે લક્ષ્મણ ગાયકવાડ કહે છે, "મને નિશાળમાં એકાદ જંગલી પંખી ને મરઘાંઓમાં છોડી મૂકવા જેવું લાગતું. મરઘાં જેમ પંખીને ચાંચ મારી-મારીને હેરાન કરે તેમ બામણા-મરાઠાના છોકરાઓ કરતા."

(ઉઠાઉગીર,પૃ.૧૦) તુલસી રામને પાંચ વર્ષની વયે એટલે કે ૧૯૫૪ માં કેવળ ચિઠ્ઠી વાંચી શકે એ હેતુથી શાળામાં મોકલવામાં આવ્યો ! આ એક તેમના ખાનદાનમાં યુગાંતરકારી ઘટના હતી. તત્કાલીન સમયની શાળામાં દલિત બાળકોની સ્થિતિને ઉજાગર કરતા આત્મકથાકારે જણાવ્યું છે કે, "हमारी पहली कक्षा में कुल ४३ बच्चे थे जिनमें तीन लड़कियों थी । रोल नम्बर के हिसाब से कक्षा में टाट पर बैठाया जाता था । पहली पंक्ति रोल नम्बर एक से शुरु होकर तेरह पर समाप्त हो गई । शेष दो पंक्तियों में इसी क्रम में पंद्रह-पंद्रह बच्चे बैठते थे । मेरा नाम और स्थान पहली कतार में रोल नम्बर पांच के साथ होता था । इन तेरह बच्चों में मेरे अलावा चिखुरी, रमझू, बाबूराम, यदुनाथ, मुल्कू, रामकेर, दलसिंगार, जग्गन, रामनाथ, बिरजू, बाबूलाल तथा मेवा थे । शीघ्र ही इस तेरह का रहस्य उजागर हो गया । हम सभी दलित थे । मुंशी जी की उपस्थिति में हमें कोई अन्य बच्चा नहीं छूता था । ऐसे ही वातावरण में शुरु हुई मेरी शिक्षा...।" (मुर्दहिया,पृ.२३) આશ્ચર્ય તો એ વાતનું થાય કે મિશનરી શાળાઓમાં પણ આભડછેટનો ભોગ દલિત બન્યો છે! ઉ.દા.બામાની આત્મકથા જોઈ શકાય. આમ, શાળામાં દલિતોને થયેલા દાહક અનુભવોનો બળબળતો ચિતાર આ આત્મકથાઓમાં થયો છે. શાળાની જેમ દલિત સમાજને પાણી અને મંદિર પ્રવેશ માટે પણ સંઘર્ષ કરવો પડ્યો છે. રોજીરોટી માટે પણ સતત સંઘર્ષ કરવો પડ્યો છે. દલિત આત્મકથા બિનદલિત આત્મકથાઓથી જુદી છે અને આ જુદાપણું તેમની સામાજિક પૃષ્ઠભૂમિને કારણે છે. દલિત આત્મકથાની વિશિષ્ટતા એના અંતર્વસ્તુને કારણે છે.

મોટાભાગના દલિત આત્મકથાકાર સામાજિક અસમાનતા અને આર્થિક ભીંસ વચ્ચે ભણ્યા ને નોકરી મેળવી છે, કેટલાક આત્મકથાકાર તો ક્લાસ વન અધિકારી પણ બન્યા છે છતાંય ક્યારેક ને ક્યારેક તિરસ્કૃત બન્યા છે. એટલે કે ભણતરથી ને નોકરીથી આર્થિક રીતે પગભર થયા, સંપન થયા પણ સામાજિક રીતે તેઓ ખાસ કરીને ભારતના ગામડાઓમાં ઠેરના ઠેર જ રહ્યા છે! શહેરમાં વસતા ને નોકરી કરતા આત્મકથાકારોને પ્રત્યક્ષ રીતે આભડછેટનો અનુભવ ભલે ન થયો હોય પણ બિનદલિતની રૂઢિચુસ્ત માનસિકતાનો પરચો તો મળ્યો જ છે. ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર ચન્દ્રકાન્ત ટોપીવાળાનું નિરીક્ષણ વિચારણીય છે, તેઓ નોંધે છે કે, "સદીઓથી વર્ણવ્યવસ્થાને કારણે હિન્દુસમાજમાં રહી એક માનવસમુદાય ધર્મને અને સમાજને તાબે થઈ અસ્પૃશ્યતાનો અભિશાપ વેઠતો રહે અને ગરીબી, ભૂખ, અન્યાય, અસમાનતા અને શોષણ વચ્ચે પશુઓથી પણ બદતર જીવન જીવતો રહે, એ ભારતના ઇતિહાસનું એક મોટું કલંક પ્રકરણ છે. સદ્ભાગ્યે ગાંધીના અને આંબેડકરના પ્રયત્નો પછી જાગેલા આ દલિત સમુદાયે લાંબા સંઘર્ષ અને આંદોલનો પછી બંધારણીય હક્કો દ્વારા પોતાની અસ્મિતા પ્રાપ્ત કરી છે. કે.સચ્ચિદાનંદે (સમકાલીન ભારતીય સાહિત્ય,૧૧૭) કહ્યું છે તેમ આજે આપણે આત્મવિશ્વાસપૂર્વક દલિતદષ્ટિ, દલિત ઇતિહાસ, દલિત રાજનીતિ, દલિત ભાષા અને દલિતસૌંદર્યશાસ્ત્રની બાબતમાં વાત કરી શકીએ છીએ, ત્યાં સુધી કે સાહિત્ય ક્ષેત્રે દલિત સાહિત્યે એનું વૈકલ્પિક સૌંદર્યશાસ્ત્ર પણ નિર્મિત કરવાનો પ્રયત્ન કર્યો છે. આમ છતાં, દલિતજાગૃતિની સામે સવર્ણોની જાગૃતિ ઘણી ઓછી પડી છે. ગ્રામીણ વિસ્તારોમાં હજી સવર્ણોનું લોકમાનસ બદલાયું નથી. નગરોમાં કે શહેરોમાં સવર્ણોમાં અંદરખાને પડેલા સંસ્કારો નિર્મૂલ થયા નથી, એટલું જ નહીં દલિત સમાજનો પોતાનામાં ધરબાયેલો ભયંકર ભૂતકાળનો ભાર હજી ઓછો થતો નથી. અસ્પૃશ્યતાના અમાનવીય વ્યવહારની ભયંકર પીડા દલિતોના ચેતન-અચેતનમાં ભારેખમ ભંડારાઈને પડેલી છે." (પ્રત્યક્ષ,ઓક્ટોબર-ડિસેમ્બર,૨૦૧૬,પૃ.૨૮,૨૯) ટૂંકમાં ૧૯૭૮ થી ૨૦૧૭ સુધી લખાયેલી આ આત્મકથાઓને આધારે કહી શકાય કે આજે શાળા, મંદિર, હોસ્પિટલ, હોટલ, બાગ-બગીચા જેવા જાહેર સ્થળોએ પહેલા જેવું વાતાવરણ નથી, શિક્ષણ, કાયદાની જોગવાઈ અને આર્થિક સ્થિતિમાં આવેલ સુધારાને કારણે અસ્પૃશ્યતાનો વ્યવહાર સ્પર્શાસ્પર્શથી જરૂર ઓછો થયો છે છતાં માનસિક સ્તરે અસ્પૃશ્યતા આજે પણ પ્રવર્તમાન છે એ હકીકત છે!

બિનદલિત સમાજમાં પ્રર્વતમાન પિતૃસત્તાક સમાજવ્યવસ્થા દલિત સમાજમાં પણ હયાત છે!! દલિતોમાંયે દલિત 'દલિત સ્ત્રી' છે એની અનુભૂતિ તો જ્યારે (કિશોર શાંતાબાઈ કાળેની'છોરા કોલ્હાટી કા'સિવાયની પુરુષ લેખકોની આત્મકથાઓમાં પિતૃસત્તાક સમાજવ્યવસ્થાનો સંદર્ભ ઝાઝો આવતો નથી! ) દલિત

લેખિકાઓની આત્મકથાઓ જેવી કે 'અંતઃસ્ફોટ' ૧૯૮૧ (કુમુદ પાવડે), 'મિટલેલી કવાંડ' ૧૯૮૨ (મુક્તા સર્વગોડ), 'જીર્ણ-આમુચ' ૧૯૮૬ (બેબી કાંબલે), 'માજ્યા જલ્માચી ચિત્તરકથા' ૧૯૮૩ (શાન્તાબાઈ કાંબલે), 'રાત્રંદિન આમ્હા'(શાન્તાબાઈ દાણી), 'મલા ઉદ્દધ્વસ્ત વ્હાયચંય'(મુજે ફના હોના હૈ) (મલ્લિકા અમરશેખ), 'સ્મૃતીગંધ' ૧૯૯૨ (ગુળાબાઈ ગાડેકર), 'મરળકળા'(જનાબાઈ ગિરહે), 'તીન દગડાચી ચૂલ' ૨૦૦૦ (વિમલ મોરે), 'આયદાન' ૨૦૦૩ (ઉર્મિલા પવાર), 'ફરફટ' ૨૦૦૪ (સુશિલા પટેકર), 'જગાયચંય પ્રત્યેક સેકંદ'(મંગલા કેવાડે), 'માઝી મી' ૨૦૦૭ (યશોધરા ગાયકવાડ), 'વિષકન્યા' ૨૦૦૯ (વિભા રાહી) વગેરે મહત્ત્વની છે. હિન્દીમાં 'દોહરા અભિશાપ' ૧૯૯૯ (કૌસલ્યા બૈસંત્રી), 'શિકંજે કા દર્દ' ૨૦૧૧ (સુશીલા ટાકભૌરે), 'અપની જમીં અપના આસમાં' ૨૦૧૭ (રજની તિલક), 'ટુકડા-ટુકડા જીવન' ૨૦૧૭ (કાવેરી), પંજાબીમાં 'પગડંડિયાં' ૨૦૦૨ (બંચિત કૌર), તમિલમાં 'કરુક્કુ'(બામા), બંગાળીમાં 'આલો-આંધારિ' ૨૦૦૨ (બેબી હાલદાર) પ્રાપ્ત થાય છે ત્યારે થાય છે. ગુજરાતીમાં એક પણ દલિત સ્ત્રી લેખિકાની આત્મકથા મળતી નથી!! મરાઠી ભાષા સિવાય ભારતની અન્ય ભાષાઓમાં દલિત સ્ત્રી આત્મકથાકારોનો દુકાળ વરતાય છે એ હકીકત છે. તો આ સંદર્ભે હરીશ મંગલમ્નો જે અભિપ્રાય છે તે પણ હકીકત છે. તેઓ નોંધે છે કે "ભારતીય સમાજ વ્યવસ્થામાં નારીની પદદલિત જેવી પ્રવર્તમાન વરવી પરિસ્થિતિને જોતાં દલિત નારીની તો શી વલે થતી હશે એનો અંદાજ લગાવવો મુશ્કેલ નથી. દલિત નારીનું ત્રેવડું શોષણ થાય છે અને એ ત્રેવડા શોષણમાં જ શોષાતી, પિસાતી, રિબાતી અને પોતાના ડખળવખળ અસ્તિત્વ માટે ઝઝૂમતી દલિત સ્ત્રી કેવી રીતે લેખન ક્ષેત્રમાં ઝંપલાવે ? પ્રશ્ન અઘરો છે." (કલ્પિત પ્રિયંકા, સંપાદક, પ્રતિક્રિયા, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી,૨૦૧૧,પૃ.૧૦૫) હરીશ મંગલમ્ની વાત તો સો ટકા સાચી છે. કારણ કે સામાજિક પરિવર્તનની દિશામાં ફૂલે-આંબેડકરના વિચારદર્શન અને આંદોલનથી પ્રેરાઈને યુગોથી મૂક રહેલી દલિત સ્ત્રી જ્યારે પોતાના અંતરની વાત સાહિત્યના માધ્યમ દ્વારા સમાજ પ્રત્યક્ષ કરે છે ત્યારે કેવળ બિનદલિત સમાજ જ નહીં તેનો પોતાનો જ સમાજ-પરિવાર તેનો વિરોધ કરે છે!! પોતાના જ ઘરમાં પોતાના પુરુષોનો માર સહન કરવો પડે છે! એના લેખનને પ્રોત્સાહન આપવાની વાત તો એક બાજુ રહી. અવસર પણ આપવામાં આવતો નથી. મહારાષ્ટ્રના પુરંદર જિલ્લાના વીર ગામની ડોમ જાતિની સાત ચોપડી ભણેલી બેબી કાંબલે તેમની 'જીવન હમારા' નામની આત્મકથામાં લખે છે કે "મને જ્યારે પણ સમય મળતો ત્યારે હું લખવા બેસી જતી હતી. લખવાનું મારા માટે અઘરું હતું. કોઈ મને લખતી જોઈ ન જાય તેનું પણ હું ધ્યાન રાખતી હતી. એમ કરતાં મેં અસંખ્ય નોટો ભરી દીધી. લખેલી નોટોને હું જૂના પેપરતળે સંતાડી રાખતી હતી. જેથી કોઈનું એ તરફ ધ્યાન ન પડે. છાનુંછપનું લેખન કરવાનું એક કારણ પતિની બીક હતી... મારા પતિ સારા માણસ હતા, પણ પોતાના સમયના બીજા પુરુષોની જેમ એ પણ સ્ત્રીઓને ઊતરતી માનતા હતા. હું લખું છું એ હકીકત એ સાંખી શક્યાં ન હોત. એ હંમેશા મને ગમાર સ્ત્રી કહેતા હતા. મને એમની બહુ બીક લાગતી હતી, એટલે વર્ષો સુધી મેં તેમનાથી છાનામાના લખવાનું ચાલું રાખ્યું. ત્રીસ વર્ષની ઉંમરે બેબી કાંબલેએ પોતાના અને સમાજના અનુભવો ટપકાવવાની શરૂઆત કરી ત્યારે તેમનો દીકરો સ્કૂલે જતો થયો હતો. વર્ષો વીત્યાં તેમ દીકરો ભણ્યો અને મોટો 'પુરુષ' બન્યો. એટલે બેબી કાંબલેએ પતિની જેમ પુત્રથી પણ પોતાનું લખાણ છુપાવી રાખ્યાં." (દલિત અધિકાર,તા.૧-૪-૨૦૦૮,પૃ.૩) તો કન્નડ લેખિકા ગીતા નાગભૂષણે એમના લેખનને ચાલુ રાખવા માટે પતિથી દૂર થવું પડ્યું. ગીતા નાગભૂષણ પર એવો આરોપ પણ લગાડવામાં આવ્યો કે તું શું લખે છે ? તારા પર કયાં કોઈ લગામ છે ? છી છી ! સ્ત્રી થઈને કેવી કેવી વાતો લખે છે ?" (હયાતી, માર્ચ, ૨૦૧૨, પૃ.૩૪૪) એ જ રીતે મરાઠી લેખિકા ઉર્મિલા પવારે કેરી વેચનાર દલિત સ્ત્રીની આપવીતીને આલેખતી 'કવચ' વાર્તા લખી ત્યારે દલિત સમાજમાં ઊહાપોહ થયો હતો. આ વાર્તા સંદર્ભે લતાબહેને ઉર્મિલા પવારને પ્રશ્ન પૂછેલો કે "દલિત પુરુષોનો આ વાર્તા પ્રત્યે કેવો પ્રતિભાવ હતો ?" ઉત્તર આપતા ઉર્મિલા પવારે જણાવ્યું કે, "...પણ પુરુષો સ્ત્રીઓને કેવી દૃષ્ટિથી જુએ છે તે મેં નીરખ્યું છે. એમના મોંમાંથી નીકળતા શબ્દો ખરેખર તો સ્ત્રીઓને હલકી દર્શાવતા શબ્દો છે એ વાતનું પુરુષોને હજી ભાન નથી થયું. તમે સૌ એ જાણો છો. એ અપશબ્દો સાવ જ રોજિંદા વપરાશના શબ્દો છે એટલે એમની

આક્ષેપબાજીથી મને આશ્ચર્ય થયું હતું. એમાંના એક પણ ટીકાકારે એમ ન કહ્યું કે એ વિષયનું મારું નિરૂપણ કેટલું સાચું હતું. ઊલટું, દલિત લેખકો મને કહેતા, "તમે જરૂર લખો, પણ ઉચ્ચ જ્ઞાતિના લોકો આપણી સાથે કેટલું ખરાબ વર્તન કરે છે એ વિશે લખો. આપણા જ વર્ગના પુરુષોની ક્ષતિઓ છતી કરો તે બરાબર નથી." (મેઘાણી વિનોદ, સંપાદક, તેજોમય, સ્પેરો પ્રકાશન, ૨૦૦૧, પૃ.૭૨) 'શિકંજે કા દર્દ'ની લેખિકા સુશીલા ટાકભૌરે પોતે અધ્યાપક હતી ને બધો જ પગાર પતિને આપવા છતાં પતિ તેને મારતો ને બાળકોની સામે અનેકવાર અપમાનિત કરતો! તેને પોતાની રચનાઓને પ્રગટ કરવા માટે પણ ઘણો સંઘર્ષ કરવો પડતો હતો. પતિએ કાગળ પર લખાવી દીધું હતું કે ઘર-ખર્ચ પછી જો પૈસા વધે તો જ તું પુસ્તક છપાવી શકીશ. આવી સ્થિતિમાં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સ્વાતિ બૂંદ ઔર ખારે મોતી' પ્રકાશિત થયો હતો. ઉર્મિલા પવાર, ગીતા નાગભૂષણ, સુશીલા ટાકભૌરે જેવી દલિત લેખિકાઓની આપવીતી પરથી એક હકીકત એ જાણવા મળે છે કે જ્યાં સુધી દલિત સ્ત્રી વર્ણવ્યવસ્થા કે બિનદલિતોની વિરુદ્ધ લખતી હતી ત્યાં સુધી ઠીક હતું પણ જેવી પોતાના ઘરની – પિતૃસત્તાની – આંતરિક જાતિવાદની સમસ્યા પર પોતાનો વિચાર-વિમર્શ રજૂ કર્યો કે તરત જ તેને ડામી દેવાના પ્રયત્નો પણ થયા; ને તેમના પર આરોપ લગાડવામાં આવ્યો કે એ પ્રકારના લખાણથી દલિત એકતા ખંડિત થશે, દલિત આંદોલન તૂટી પડશે, - દલિત આંદોલનનું 'મૂળલક્ષ્ય'થી ધ્યાન આડું ફંટાઈ જશે, પણ દલિત સ્ત્રીઓએ 'ડાકણ' અને 'સુવર'ની ગાળ ખાઈને પણ પોતાના અંતરની હકીકત સમાજ પ્રત્યક્ષ કરી, મોટાભાગના દલિત આત્મકથાકાર જે ચૂકી ગયા હતા તે દલિત લેખિકાઓએ પિતૃસત્તાક જાતિવાદી સમાજનું વણસ્પર્શ્યુ સત્ય ઉજાગર કર્યું.

ચિંતા અને ચિંતનની બાબત એ પણ આ આત્મકથાઓ દ્વારા સામે આવે છે કે દલિત સમાજમાં પણ ઊંચનીચના તડાઓ છે! કેટલાક આત્મકથાકારોએ પોતાના સમાજમાં પ્રવર્તમાન આંતરદ્વંદ્વ અંગે આંખ આડા કાન કર્યા છે ! 'છગન-મગન મારા સોનાના, પાડોશીનાં પિત્તળનાં અને ગામનાં છોરાં ગારાનાં' કહેવત સાર્થક ઠરતી લાગે પણ નોંધવું જોઈએ કે સૂરજપાલ ચૌહાણ, મોહનદાસ નૈમિશરાય, ઓમપ્રકાશ વાલ્મીકિ, શરણકુમાર લિંબાલે, દયા પવાર, કૌશલ્યા બૈસંત્રી, બેબી કાંબલે, ઊર્મિલા પવાર, શાન્તાબાઈ કાબંલે, બામા, તુલસી રામ, વગેરેએ પોતાના સમાજના આંતરદ્વંદ્વને નિર્ભીક્તાથી આલેખ્યા છે. દલિત સમાજમાં મુખ્યત્વે 'ચમાર' (જાટવ) અને 'વાલ્મીકિ' (ભંગી) જાતિ વચ્ચે સંઘર્ષ છે. બિનદલિતો દલિતોની સાથે જેવો વ્યવહાર કરે છે તેવો જ વ્યવહાર ચમાર વાલ્મીકિ સાથે કરે છે !! દા.ત. દયા પવાર 'અછૂત'માં નોંધે છે ''पर चमार हमारे कुएं का पानी न पीते । वे महार के पानी से छूआछूत मानते । (અછૂત, પૃ.૬૩) તો ચમાર જાતિના મોહનદાસ તેમની 'અપને અપને પિંજરે' ભાગ-૨માં દુઃખની સાથે જણાવે છે કે, ''हमें ब्राह्मणो ने जातियों में बांट और समाज के सबसे निचले स्तर पर लाकर अपना उल्लू सीधा किया था । अभी भी हम एक दूसरे को अपने से उपर नीचे की जातियों में बांटकर स्वयं उल्लू बने हुए हैं। जातियों की उन लकीरों को किसने खींचा, कब खींचा, इस पर शोध करने और बहस में अपना अधिक समय लगाने के आदी हो गए, पर स्वयं के बीच में जो जातिभेद बरकरार है, इस पर हम से दो शब्द भी कोई नहीं कहेंगे और न मिलेंगे। इससे अधिक कूपमंडूकता और क्या हो सकती है? (અપને અપને પિંજરે' ભાગ-બે, પૃ.65)... मेरठ तथा आसपास के क्षेत्रों में उस समय जाटव या चमार जातियों के लोगों का ही दबदबा अधिक था... परिणामत: जाटव और वाल्मीकि जातियों के बीच संवाद का अभाव तो था ही, आपस में घृणा का, तनाव का वातावरण भी रहता था.... पर दुखद आश्चर्य की बात तो यह भी थी की वहीं एक जाति दूसरी जाति के साथ गुलामों और जानवरो जैसा व्यवहार करती थी।''(પૃ.67) શરણકુમારે લિંબાલેએ 'અક્કરમાશી'માં નોંધ્યું છે કે સોમવંશી કુલના મહારો પોતાને અન્ય દલિતોથી ઊંચા ગણે! પોતાની રેલી અલગ કાઢે! સૂરજપાલ ચૌહાણે પણ દલિતોમાં વ્યાપેલા 'બ્રાહ્મણવાદ' સંદર્ભે ચિંતા વ્યક્ત કરી છે. આંબેડકરવાદીઓના તડા જોઈને કેટલાક દલિત આત્મકથાકારો ચિંતિત છે. દયા પવારે દલિત ચળવળ કેવી રીતે નબળી પડી તે પોતાની આત્મકથામાં દર્શાવ્યું છે. ઓમપ્રકાશ વાલ્મીકિ જે રીતે રૂઢિચુસ્ત બિનદલિત સમાજ સામે સંઘર્ષ કરતા રહ્યા એ જ રીતે સ્વ સમાજ સામે પણ સંઘર્ષ કરતા રહ્યા છે, તેમનું આ તાટસ્થય ઉચિત છે. ભગવાન દાસ અને બેબી કાંબલેને પણ સ્વ સમાજ સામે સંઘર્ષ કરવો પડ્યો હતો, દલિત

લેખકોની આ પ્રકારની તટસ્થતા નોંધપાત્ર છે. ટૂંકમાં દલિતોમાં જાતિઓના આધારે જે સંગઠનો બની રહ્યા છે તે દલિત આંદોલનની ભ્રૂણ હત્યા કરી રહ્યા છે. સાથોસાથ સામાજિક વિષમાનતાની ખાઈ વધારે ને વધારે ઊંડી કરી રહ્યા છે. દલિત સાહિત્ય આંબેડકરની વિચારધારાને વળેલું છે. આંબેડકરની વિચારધારા જાતિવિહીન, વર્ગવિહીન અને લિંગભેદ વિહીન સમાજની સ્થાપનાને આધીન છે. આથી માનવીય સંવેદન જ કેન્દ્રમાં હોવું જોઈએ અને તો જ જાતિવાદ નાબૂદ થશે અને સામાજિક સમાનતાનું નિર્માણ શક્ય બનશે. કેટલીક આત્મકથાઓમાં જાતિ અસ્મિતાની સામે સામાજિક અસ્મિતાની શોધ માટેની મથામણ છે અને આ સામાજિક અસ્મિતા સ્વતંત્રતા, સમાનતા જેવા લોકશાહીના મૂલ્યો પર આધારિત છે. હા, ક્યાંક ક્યાંક સામાજિક અસ્મિતા જાતિ અસ્મિતામાં રૂપાંતરિત થઈ છે, જે ઉચિત નથી, કારણકે તેનાથી સામાજિક સમાનતાને બદલે સમાજ અનેક વાડાઓમાં વિભાજિત થઈ જશે.

એક બાબત અહીં નોંધવી જોઈએ કે ‘ધર્મસત્તા’ જે વર્ણાશ્રમપ્રથાનું મૂળ છે એને દલિત આત્મકથાકારો હજુ બરાબર પડકારી શક્યા નથી! જે વ્યવસ્થાએ દલિતોને હડધૂત કર્યા છે એ વ્યવસ્થામાં પ્રવેશવાની લાલચ શા માટે? તેનો વિરોધ કેમ ન કરવો? આજે માંડ ૨ થી ૩ ટકા દલિતો શિક્ષિત બન્યા છે ત્યારે એમનામાં નવો બ્રાહ્મણવાદ ન પ્રવેશે તે જરૂરી છે. હજી ઘણા દલિત આત્મકથાકારો વાસ્તુશાસ્ત્ર, ક્રિયાકાંડ, જ્યોતિષ જેવી બીજી અનેક શ્રધ્ધા-અંધશ્રધ્ધાઓમાંથી બહાર નીકળવાને બદલે નવશિક્ષિત ઘણીવાર તો સવાયો બ્રાહ્મણ બનીને આ બધુ હોશેહોશે કરતો નજરે પડે છે. દા.ત. નવેન્દુ મહર્ષિની આત્મકથા ‘ઇન્સાન સે ઇશ્વર તક’, ‘મેરે મન કી બાઈબિલ’ અને ‘રુકી હુઈ રોશની’માં ચમત્કાર અને ઇશ્વર પ્રત્યેની આત્મકથાકારની આસ્થા!! આત્મકથાકારોએ વ્યંગથી આવા નવબ્રાહ્મણવાદી દલિતોને ખુલ્લા પાડવામાં સંકોચ ન રાખવો જોઈએ. પોતાના સમાજની મર્યાદાઓ સામે આંખઆડા કાન ન કરવા જોઈએ અને એવું બને તો જ સ્વસ્થ સમાજનું નિર્માણ શક્ય બને.

બધા જ આત્મકથાકારોને અભાવો વચ્ચે જીવવું પડ્યું છે, એટલેકે તેમને સામાજિક વિસમાનતાની સાથોસાથ આર્થિક સમસ્યા સામે પણ ઝઝૂમવું પડ્યું છે. એકપણ આત્મકથાકાર પાસે પોતાનો જમીનનો ટૂકડો નથી! તેઓ રોજગારી માટે બિનદલિત સમાજને આધિન છે, તેઓ પોતાના પરંપરાગત વ્યવસાય સાથે બાળપણથી જ જોતરાયેલા છે. મોટાભાગના આત્મકથાકારો બાળપણથી જ માતા-પિતાના શ્રમના ભાગીદાર બની જતા જોવા મળે છે! લગભગ તમામ આત્મકથાકારોએ બાળપણમાં પરંપરાગત વ્યવસાય કર્યો છે, (ભીખ માગવાનું, મૃત ઢોર ખેચવાનું, ચિરવાનું, ચામડું પકવવાનું, મસાણમાં હાડકા વીણવા જવાનું, મસાણમાં મડદા ચૂંથવાનું, કબર ખોદી, સબને ચૂંથીને સોનું-પૈસા શોધવાનું, ચોરી કરવાનું, કાપડ વણવાનું, મીલમાં મજૂરી કરવાનું) આત્મકથાકારોને ભૂખ સામે ઝઝૂમવું પડ્યું છે. જેમકે, ૨૦૧૬મા પ્રકાશિત વિશ્વનાથ રામની ‘ગોબરહા’ આત્મકથામાં આત્મકથાકારના પરિવારને ખોરાક માટે મુખ્યત્વે પશુઓના છાણમાંથી નીકળેલા અનાજના દાણા પર જ આધાર રાખવો પડતો હતો!

“गोबरहा हमारी दलित बस्ती की जिंदगी थी । सोते-जागते जमींदारों के दरवाजे से बैलों के गोबर उठाने की चिंता हमें सदैव बनी रहती थी । प्रात: उठने के बाद परिवार की महिलाओं का पहला काम जमींदारों के दरवाजे से गोबर उठाकर लाना होता था , अन्यथा विलंब हो जाने पर दूसरे दलित परिवार के सदस्य द्वारा उसके हिस्से का गोबर उठा लेने पर आपस में झगड़ा भी होता था , क्योंकि गोबरहा दलितों की खेती थी ।” (गोबरहा ,पृ.११)

શરણકુમાર લિંબાલેએ ભૂખ મટાડવા, મેલી વિદ્યા શીખવા પાંચ શનિવાર મળ પણ ખાધું છે! લિંબાલેને ખોરાકને બદલે ઉંદર, સસલાં, હરણ, ખિસકોલી, જંગલી કૂતરાં વગેરેનું મટન મળતું! લક્ષ્મણ ગાયકવાડને શાળામાં નાસ્તાનો ડબો ચોરવો પડ્યો હતો! ખૂબ ભૂખ લાગી હોય ત્યારે લક્ષ્મણ મસાણમાં ભૂતપ્રેત માટે મૂકેલું ખાવા જતા! એટલું જ નહીં ‘ઉઠાઉગીર’ દ્વારા જાણવા મળે છે કે માણસો પશુની જેમ વેચાય! ધોબીનો નાર્યો

૧૫૦ રૂપિયામાં વેચાયો! ઉબકા આવે, અરેરાટી થાય, જુગુપ્સાના ભાવો જાગે એવુંય પશુવત જીવન દલિત સમાજ જીવ્યો છે. આ ઉપરાંત 'મુર્દહિયા', 'જીવનહમારા', 'ઉપરા', 'અક્કરમાશી' જેવી આત્મકથાઓમાં ભૂખનું વરવું ચિત્ર જોવા મળે છે. આમ આત્મકથાકારોનું બાળપણ અનેક સમસ્યાઓથી ઘેરાયેલું હતું. આ આત્મકથાઓ દલિત સમાજના દર્દ, પીડાના અંધકારમય જીવનનો દસ્તાવેજ છે. ટૂંકમાં આ આત્મકથાકારોને હદ વિનાની ગરીબીનો અનુભવ તેમના બાળપણમાં થયો છે.

દલિતોના જીવનને અંધકારમય બનાવનાર ભારતીય સમાજવ્યવસ્થા-વર્ણવ્યસ્થા છે, તેથી બધા જ આત્મકથાઓરોએ પોતપોતાની રીતે વર્ણવ્યવસ્થા પ્રત્યે આક્રોશ વ્યક્ત કર્યો છે. જેમ જેમ દલિત સમાજ શિક્ષિત થતો ગયો તેમ-તેમ ડો.બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને અનુસરીને બંધારણીય અધિકાર મેળવવા માટે સંઘર્ષ કરે છે. એક તરફ તેઓ અંધશ્રધ્ધાઓ, કુમાન્યતાઓ, પરંપરાગત કુરૂઢિઓ અને પરંપરાગત વ્યવસાયોને જાકારો આપીને તાર્કિક રીતે વિચારતો અને જીવતો નજરે પડે છે. દલિત લેખકોએ સામાજિક અસ્મિતા માટે સંઘર્ષ કર્યો છે. ઓમપ્રકાશ વાલ્મીકિએ સલામ અને જૂઠન જેવી પરંપરાગત પ્રથાઓ તોડી છે. બલબીર માધોપુરી સામાજિક બદલાવ માટે ધર્મથી મુક્ત થવાનું અનિવાર્ય માને છે. ઉત્તમ બંડૂ તુપેએ પોતાનો પરંપરાગત વ્યવસાયનો ત્યાગ કર્યો છે. પાર્થ પોલકેની આત્મકથામાં પોતરાજની પરંપરાને તોડવાની મથામણ છે. શંકર રાવ ખરાતે 'તરાલ-અંતરાલ'માં દેવદાશી પ્રથાની ટીકા કરવા ઉપરાંત પરંપરાગત વ્યવસાયનો ત્યાગ કર્યો છે. ના.મ.શિંદેએ 'જાતીલા જાતવૈરી'માં સામાજિક બદલાવ માટેનું ચિંતન છે. ઉત્તમ કાંબલેએ પણ સામાજિક બદલાવ માટે લેખનકાર્ય કર્યું અને તેમના એક લેખ પ્રકાશિત થયા પછી કર્ણાટક સરકારે નગ્નપૂજા પર પ્રતિબંધ મૂક્યો હતો. ભગવાન દાસે ભંગી સમાજમાં પેસેલા બ્રાહ્મણવાદની ટીકા કરી છે ને પોતાને ભંગી તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવે છે, કે.નાથે રાજકારણમાં દલિતોની ભાગીદારી માટે સંઘર્ષ કર્યો છે, 'મુર્દહિયા'માં મરેલા ઢોરનું માંસ ખાવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આમ આ બધી આત્મકથાઓમાંથી પ્રગટ થતો એક સૂર તો 'વ્યવસ્થા' બદલવાનો છે. મોટા ભાગના આત્મકથાકારોએ નોંધ્યું છે કે પોતાનો સમાજ અનેક પ્રકારની શ્રદ્ધા-અંધશ્રદ્ધાઓમાં ગળાડૂબ છે. તેનો તેઓએ વિરોધ પણ કર્યો છે જે ખૂબ જ નોંધપાત્ર છે. ડો. બજરંગ બિહારી તિવારીએ દલિત આત્મકથાઓના વિશેષો જણાવતા ઉચિત જ નોંધ્યું છે કે, ''बेशक, दलित आत्मकथाओंने–अपना प्रयोजन सिद्ध किया। वे अपने–समाज का प्रामाणिक आईना बनी, अत्याचारों और दु:खो का विश्वनीय दस्तावेज। दलित सोच का दिशा देने और दलित–चिंतन को आगे बढ़ाने में भी इनकी खासी भूमिका है। समूचे भारत में दलित साहित्य आंदोलन की पहचान बहुत कुछ इन आत्मकथाओं ने ही बनाई है । स्मृतियों की घरोहर को बचाए रखने, अतीत को समझने, इतिहास के प्रेत से मुक्त होने, समुदाय की चित्तवृत्तियों का प्रतिबिम्बन करने और व्यक्ति के वैशिष्ट को उभारने और स्वस्थ, लोकतांत्रिक समाज का प्रारुप रचने में आत्मकथा लेखन की सार्थक भूमिका हो सकती है, होती है ।'' (अपेक्षा, जुलाई–सितंबर, 2003, पृ.32)

ડો. બાબાસાહેબ આંબેડકરનું 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો'નું સૂત્ર, ધર્માંતરણ અને અન્ય આંદોલનને પરિણામે દલિત નારી સમુદાયમાં ધીરે-ધીરે જાગૃતિ આવવા માંડી. વર્ષોથી મૂક દલિત સ્ત્રી તેના અંતરની વાત, આશા-અપેક્ષા અને પીડાને વાચા આપતી થઈ છે, ધીરે-ધીરે માનવીય અધિકાર પણ માગતી થઈ છે. વિમલ થોરાતે દલિત સ્ત્રીઓના લેખન વિશે ઉચિત નોંધ્યું છે કે, "બ્રાહ્મણવાદ, મૂડીવાદ, ફાસીવાદ અને પિતૃસત્તા એકસાથે મળીને આક્રમણ કરે છે. એ બધાને આધારે ટકેલો સામાજિક ઢાંચો હચમચીને પડવાની સ્થિતિમાં છે અને એણે નિર્મિત કરેલી વિષમતાઓને સમતામાં પરિવર્તિત કરવાના અણસાર કરાવા શરૂ થઈ ગયા છે. દલિત નારી લેખન વસ્તુગત રીતે આ આખીયે સ્થિતિ અને તેના ઉકેલ માટેના મંથનનું ક્ષેત્ર ધરાવે છે." (હયાતી,માર્ચ,૨૦૧૨,પૃ.૩૩૪) નવી સમાજરચના માટેનું મંથન બેબી કાંબલેની 'જીવન હમારા'માં જોવા મળે છે. તે દલિતોને ગંદા કામ છોડીને ભણવાની શીખ આપતા નોંધે છે, "મરેલા જાનવરોનું માંસ ન ખાઓ. ગામમાં

કોઈ મૃત્યુ પામ્યું હોય તો તેની ચિતા ન સજાવો.  બીજા ગામમાં પણ આ કામ માટે જાવ નહીં... દલિતો જાગો, ગંદા કામ ન કરો, છોકરીઓને શાળામાં ભણવા મૂકો, અભણ ન રહો."

'જીવન હમારા' દ્વારા જાણવા મળે છે કે દલિતોએ ધર્માંતર આંદોલનના પ્રભાવને કારણે હિન્દુ તહેવાર ઉજવવાનું પણ બંધ કર્યું. "ફલટણ...ના લોકોએ નક્કી કર્યું છે કે ગુડી પડવો મનાવવામાં આવશે નહીં. દરવાજા પર ગુડી લગાડવામાં આવશે નહીં." બેબી કાંબલેએ પોતાના સમાજમાં પ્રવર્તમાન પિતૃસત્તા અને આંતરિક જાતિવાદની સમસ્યા પર પણ ગહન વિચાર વિમર્શ કર્યો છે. "અમારા બાળકો આટલા નાલાયક નીકળશે એવું ક્યારેય વિચાર્યું નહોતું. અમે પરજીવી પેદા કર્યા, હવે અમારા નેતા પણ ભ્રષ્ટ થઈ ગયા છે. તેમને દિલ્હીની ગાદી જોઈએ છે. આ જોઈને મારું મન રડી પડે છે."  'દોહરા અભિશાપ'ની લેખિકા કૌસલ્યા બૈસંત્રી સ્વાતંત્ર્ય સેનાની પતિ દેવેન્દ્રકુમારના માનસિક ત્રાસમાંથી છૂટવા ચાળીસ વર્ષે બંડ પોકારે છે ને લાંબા સમયના કોર્ટ કચેરીના ધક્કા ખાધા પછી સ્વતંત્રતા મેળવે છે ત્યારે તે આવનારી પેઢીને જણાવે છે કે, "પુત્ર, ભાઈ, પતિ બધાં જ મારાથી નારાજ થઈ શકે છે. પરંતુ મને પણ કશીક સ્વતંત્રતા તો જોઈએ જ ને ? કે હું પણ સમાજ સામે પોતાની વાત મૂકી શકું. મારા જેવા અનુભવો ઘણી સ્ત્રીઓને થયા હશે. પણ પરિવારના ભયને કારણે આવા અનુભવો સમાજ સમક્ષ ઉજાગર કરતાં ડરે છે. એટલે જીવનભર ઘૂટનમાં જ કાઢે છે. સમાજની આંખો ખોલવા આવા અનુભવો ઉજાગર કરવાની જરૂરિયાત છે." કૌસલ્યા બૈસંત્રી તેના પતિથી છૂટા પડીને દલિત ચળવળ અને દલિત સાહિત્યમાં સતત સક્રિય રહે છે. ખાસ તો કૌસલ્યાના માતા-પિતા ભાગીરથી-રામજીએ નાગપુરમાં પોતાના જ લોકોના વિરોધ છતાં પોતાના દીકરા-દીકરીઓને ભણાવ્યા એ મોટી ઘટના છે. તેમાં ડૉ. આંબેડકરની જ પ્રેરણા હતી. 'આયદાન'ની લેખિકા ઉર્મિલા પવાર સ્વમાની, સાહસિક ને પ્રગતિશીલ વિચારધારા ધરાવનારી નારી છે. તે પોતાના લગ્ન પણ પરિવાર વિરુદ્ધ જઈને પોતાને ગમતા છોકરા હરિશ્ચંદ્ર સાથે કરે છે. તેની દીકરી માલવિકાના વિવાહ તેની જ જાતિના ઉદય સાથે નક્કી થઈ ગયા છે, પણ અચાનક માલવિકા રવિ પ્રત્યેના પ્રેમને જાહેર કરે છે. આ સંજોગોમાં તેનો પતિ હરિશ્ચંદ્ર સામાજિક ભય અને પોતાના સ્વમાન ખાતર રવિ સાથે લગ્ન કરવાની ના પાડે છે. પરંતુ ઉર્મિલા પવાર તેની દીકરીની લાગણીને માન આપી તેના લગ્ન રવિ સાથે કરાવે છે. તે જણાવે છે કે "નારી પણ પુરુષની જેમ વ્યક્તિ છે અને  આ નાતે તેને બધા અધિકાર મળવા જોઈએ. પુરુષની પાસે મસલ પાવર છે તો સ્ત્રી પાસે પ્રજનન શક્તિ છે. બંને શક્તિ અલગ-અલગ છે અને તેનું મૂલ્યાંકન પણ અલગ-અલગ થવું જોઈએ." બામાએ જ્યારે અનુભવ્યું કે કોન્વેન્ટ સ્કૂલ અને ચર્ચમાં જ સૌથી વધારે અસ્પૃશ્યતા ખદબદે છે ત્યારે તેમણે પોતાનું સ્વત્વ ટકાવી રાખવા માટે ચર્ચ-ધર્મ સત્તાનો ત્યાગ કર્યો. તેમણે સ્વસ્થ સમાજની રચના માટે ભાગ્યવાદ અને કર્મવાદથી બચવાનું, જે સંસ્થાઓ જાતિના આધારે શોષણ કરે છે તેને નાબૂદ કરવાની... આપણે જ એને એની જગ્યા બતાવવાની છે. આપણે એવી ન્યાયપૂર્ણ સમાજની રચના કરવાની છે જ્યાં બધા સમાન હોય."  દલિત નારીઓનો માનવીય હક્ક માટેનો સંઘર્ષ ખરેખર ઉલ્લેખનીય છે.  સામાજિક બદલાવની પ્રક્રિયામાં તેમનો સંઘર્ષ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવશે.  ડૉ. બજરંગ બિહારી તિવારીએ ઉચિત જ નોંધ્યું છે કે, "દલિત નારીવાદનું સંપૂર્ણ સિદ્ધાંત દર્શન હજી તૈયાર થવું બાકી છે પણ એટલી વાત તો નક્કી છે કે દમનકારી સામાજિક માળખાંઓના વિઘટન અને તેની લોકતાંત્રિક પુનર્રચનાનું લક્ષ્ય લઈને આ ચિંતન આગળ ધપી રહ્યું છે." (હયાતી,માર્ચ,૨૦૧૨,પૃ.૩૫૯)

દલિત આત્મકથાઓમાં એકવિધતા જોવા મળે છે એ હકીકત છે, કારણકે શાળાનો ઉંબરો ઓળંગતા બધા જ દલિત આત્મકથાકારોને તિરસ્કૃત થવું પડ્યું છે, લગભગ તમામ આત્મકથાકારોએ જન્મ આધારિત કર્મ નિર્ધાર કરનારી ભારતીય સંસ્કૃતિની ટીકા કરી છે.  પરંતુ આવી એકવિધતા વચ્ચે પણ કેટલાક વિશિષ્ટ પ્રસંગો, પરંપરાઓ, રિવાજો અને અભિવ્યક્તિને કારણે આ દરેક આત્મકથા પોતીકી ઓળખ ધરાવે છે એને નકારી શકાય નહીં.  ઓમ પ્રકાશ વાલ્મીકિની 'જૂઠન' આત્મકથામાં  'સલામ' અને 'જૂઠન'ની વર્ષો જૂની પરંપરા છે.  કિશોર

શાંતાબાઈ કાળેની 'છોરા કોલ્હાટિકા કા' માં 'ચિરા' અને 'બેઠક'ની અનોખી રસમ છે. બેબી કાંબલેની 'જીવન હમારા'માં 'ખોડા'નો રિવાજ છે. દરેક દલિત વર્ગની પોતીકી જાતપંચાયત છે અને આ જાતપંચાયતની વિશિષ્ટ સજા અને નિયમો છે, જેમકે લક્ષ્મણ ગાયકવાડની 'ઉઠાઉગીર'માં માથામાં જૂ પડે તો બકરો વધેરવાનો રિવાજ, સાયબૂ તાતા માછલી પકડીને ઘેર આવતો ત્યારે થૂંકતા, જેથી ભૂત ન વળગે અને જો ભૂત વળગે તો વાંકો ચાલે જેથી કરીને ભૂત ભાગી જાય! શંકરે તેની દીકરી પર બળાત્કાર કર્યો તો તેની જ છોકરીના મૂતરથી શંકરની મૂછો સફાચટ કરવાની સજા! તુલસી રામની 'મુર્દહિયા' માં પણ જાતિપંચના વિશિષ્ટ નિતી-નિયમો છે. મહારાષ્ટ્રની વિચરતી-વિમુક્ત જાતિના ઘણા બધા આત્મકથાકારો છે. આ વિભિન્ન વિચરતી-વિમુક્ત જાતિઓની પોતીકી પરંપરાઓ અને પોતીકો વ્યવસાય છે, જેમકે, કુડમુડે જોશી જાતિના લોકો ડુગ્ગી વગાડી, લોકોનું ભવિષ્ય બતાવી- 'હોરા' કથા કરીને પિંગલા જોશી કહીને, ભીખ માંગીને જીવન ગુજારે છે. ટૂંકમાં કુડમુડે જોશી એટલે ડુગ્ગી-ડમરું વગાડીને ભવિષ્ય કથન કરીને ભીખ માગનાર જાતિ, તેને પિંગલા જોશી પણ કહેવામાં આવે છે. પિંગલા જોશી એટલે પિંગલા નામના પંખીની જેમ કિલબિલ-કિલબિલ જેવું ન સમજાય એવું બોલીને વહેલી સવારે ભીખ માગનાર જાતિ. પિંગલા નામનું પંખી કેવળ સવારે જ બોલે છે અને તેની ભાષા માત્ર ડુગ્ગી જોશી જ સમજે છે એવી લોકમાન્યતા છે. આમ ડુગ્ગી જોશી ભીખ માગવા માટે 'પિંગલા' પંખીનો સાધન તરીકે ઉપયોગ કરતાં હતાં. 'પારધી' જાતિના લોકો જંગલમાં રહે છે અને શિકાર કરી જીવન નિર્વાહ કરે છે. 'ડોબરી' જાતિના લોકો ખેલ કરીને લોકોને મનોરંજન પૂરું પાડે છે અને તેના બદલામાં તેમને ભીખ મળે છે. 'ડવરી' જાતિ 'જોગિયો'ની પેટા જાતિ છે. જે જીવન નિર્વાહ માટે સતત ભટકતી રહે છે. 'ગોંધળી' જાતિના લોકો દેવીના નામે ગાઈ-નાચીને કીર્તન કરે છે અને તેના બદલામાં લોકો તેને પૈસા આપે છે. 'ગોસાવી' જાતિના લોકો ભટકીને ભીખ માગે છે. 'નન્દીવાલા' જાતિના લોકો બળદને પાળે છે, તેને સણગાળે છે અને ગામેગામ ફરીને તેના નામે ભીખ માગે છે. 'રોહીણી' જાતિના લોકો જીવનનિર્વાહ માટે સતત ઘૂમતી રહે છે. આ દરેક જાતિની આર્થિક સ્થિતિ લગભગ સમાન છે છતાં એક જાતિ બીજી જાતિને પોતાનાથી ઉતરતી ગણે છે! મહારાષ્ટ્રમાં મહાર અને માતંગ જાતિમાં પોતરાજની પરંપરા હતી. જેમ કે પાર્થ પોલકેની 'આભરાન' અને બેબી કાંબલેની 'જીવન હમારા' માં 'પોતરાજ'ની રસમ જોવા મળે, ડોમ જાતિમાં લાકડીને ઘુઘરો બાંધીને ત્રણ વાર હલાવવાની પ્રથા બેબી કાંબલેની 'જીવન હમારા' માં જોવા મળે છે. શ્યામલાલની 'અનટોલ્ડ સ્ટોરી ઓફ અ ભંગી વાઈસચાન્સલર'માં રાજસ્થાનમાં ભંગી જાતિના લોકોને જાહેર માર્ગ પરથી પસાર થતી વખતે 'પાઈસ, 'પાઈસ' (દુર હટો, દુર હટો) બોલવાની પરંપરાનો ઉલ્લેખ આવે છે. આમ, ભારતના વિવિધ પ્રદેશોમાં રહેતો દલિત સમાજ, એમની સામાજિક રૂઢિઓ, રિવાજો, પરંપરાઓ, વ્યવહારો, ખાણીપીણી, પોષાક, વ્યવસાય, શિક્ષણ અંગેના ખ્યાલો, દલિત સ્ત્રીઓની સ્થતિ બાબતે ભિન્નતા જણાય છે. હા કેટલાક આત્મકથાકારોએ સામાજિકતાને સઘનતાથી ખોલી આપી છે તો કેટલાક આત્મકથાકારોએ સામાજિકતાને આછીપાતળી આલેખી છે એ હકીકત છે, જેમકે લક્ષ્મણ ગાયકવાડની 'ઉઠાઉગીર', બેબી કાંબલેની 'જીવન હમારા', લક્ષ્મણ માનેની 'ઉપરા', કિશોર શાંતાબાઈ કાળેની 'છોરા કોલહાટી કા', ઓમપ્રકાશ વાલ્મીકિની 'જૂઠન', તુલસી રામની 'મુર્દહિયા', બલબીર માધોપુરીની 'છાંગ્યારુક્ખ', 'ડેરાડંગર', બી.કેશરશિવમ્‌ની 'પૂર્ણસત્ય' વગેરે આત્મકથાઓમાં સામાજિકતા સઘનતાથી આલેખાઈ છે. એ રીતે આ આત્મકથાઓ જે તે દલિત જાતિઓનો સામાજિક અને સાંસ્કૃતિક ઈતિહાસ બને છે એવું કહું તો અતિશ્યોકિત નહીં કહેવાય.

કેટલાંક દલિત ચિંતકો દલિત શોષણનું સમાધાન 'ધર્મ પરિવર્તન'માં શોધી રહ્યા છે! પણ મોટા ભાગે ધર્મપરિવર્તન કોઈ વિશેષ હકારાત્મક ભૂમિકા ભજવી શકતી નથી. કારણ કે ધર્માંતરથી ખાસકરીને દલિતોની 'સામાજિક' સ્થિતિમાં કોઈ વિશેષ પરિવર્તન આવ્યું નથી. (જે દલિતે મુસ્લિમ, બૌદ્ધ, ઈસાઈ, ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે તે આખરે ઓળખાય તો દલિત બૌદ્ધ, દલિત મુસ્લિમ, દલિત ખ્રિસ્તી તરીકે જ!) આ સંદર્ભે બામાની 'કરુક્કુ' જોઈ શકાય. સામાજિક સ્થિતિ બદલનારું ઘટક જ દલિતોની સ્થિતિ બદલી શકે છે. બામાએ ઈશાઈ ધર્મ

સ્વીકાર્યો હતો છતા ઉપેક્ષિત જ રહે છે! ઉત્તમ બંડૂ તુપેની આત્મકથા દ્વારા જાણવા મળે છે કે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા પછી પણ બિનદલિતોના દલિત સાથેના વ્યવહારમાં ફરક પડતો નથી! લ.સ.રોકડે પણ ધર્મ પરિવર્તન કર્યા પછી પણ સામાજિક રીતે બહિષ્કૃત છે! શાંતાબાઈ કાંબલે પણ ધર્મ પરિવર્તન પછી ઉપેક્ષિત જ રહે છે, 'દાસ્તાન' આત્મકથામાં મુસ્લિમ ધર્મ પછી પણ સામાજિક રીતે ઉપેક્ષિત જ રહે છે. 'ખ્રિસ્તી મહાર' આત્મકથામાં મહાર જાતિના લોકો ખ્રિસ્તી ધર્મ અપનાવ્યા પછી પણ સામાજિક રીતે ઠેરના ઠેર રહે છે, બલબીર માધોપુરીની આત્મકથા દ્વારા જાણવા મળે છે કે શિખસંપ્રદાય પણ જાતિવાદમાં માનતો હતો! મણિલાલ રાનવેરિયાની આત્મકથામાં આદિવાસીઓ માહ્યાવંશીઓ સાથે આભડછેટ રાખતા! તો પ્રો.શ્યામલાલની આત્મકથા દ્વારા જાણવા મળે છે કે રાજસ્થાનમાં મુસ્લીમો ભંગીને અછૂત માને છે! ભારતની સામાજિક સંરચના કેટલી જટીલ અને સંકુલ છે તેનો પરિચય આ આત્મકથાઓ નિમિત્તે પ્રાપ્ત થાય છે.

'કાગડા બધે કાળા છે' એ લોકોક્તિ યથાર્થરૂપે આ આત્મકથાઓ દ્વારા પામી શકાય છે. કારણ કે બિનદલિતોના દલિતો પર- દલિત સ્ત્રીઓ પર અત્યાચાર અને જુલમો લગભગ સમગ્ર દેશમાં સમાન છે. વળી બિનદલિત સમાજની જેમ જ દલિત સમાજમાં 'પિતૃસત્તા' હયાત છે એ પણ હકીકત છે. તેથી દલિત નારીનું બેવડું-ત્રેવડું શોષણ થાય છે. બિનદલિત સમાજની હીન માનસિકતાને લપડાક મારતી આ આત્મકથાઓ દલિતોના આંતરદ્વંદ્વ અને પિતૃસત્તા સામે પણ લાલબત્તી ધરે છે. એક તરફ દલિતો સાથેના બિનદલિતોના અમાનવીય વ્યવહારને પ્રત્યક્ષ કરતી આ આત્મકથાઓમાં સામે છેડે ક્યાંક-ક્યાંક બિનદલિતોનો દલિતો પ્રત્યેનો માનવીય વ્યવહાર પણ પ્રત્યક્ષ થાય છે. ક્યાંક દલિત અને બિનદલિત વચ્ચે હકારાત્મક સંવાદ પણ થતો જોવા મળે છે. દલિત સ્ત્રીઓ પ્રત્યેના બિનદલિતોના તિરસ્કાર અને ઘૃણા સામે દલિત સ્ત્રીઓની મૂંઝવણો, પીડા અને વ્યથા પ્રગટાવતી આ આત્મકથાઓ ક્યાંક આક્રોશ અને વિદ્રોહને પણ જન્મ આપે છે. તો વળી કેટલીક આત્મકથાકારોએ જાતિ-લિંગના ભેદભાવ વગરની સમાજરચના માટે ગહન ચિંતન પણ કર્યું છે. સ્વ સમાજ સામે પણ સંઘર્ષ કર્યો છે. ટૂંકમાં આ આત્મકથાઓમાં ક્યાંક પીડા, વેદના, નકાર, વિદ્રોહ, વિશ્લેષણ, ચિંતન અને વિઝન પણ છે. દલિત સ્ત્રી અંગેની જે મિથ ઊભી કરવામાં આવી હતી તે પણ હવે ધીમે-ધીમે તૂટવા માંડી છે. દલિત નારી આત્મકથાકારોની આત્મકથાઓ દ્વારા પણ અંધારામાં રહી ગયેલા અનેક માનવીય સત્યો ઉજાગર થયા છે. આ દલિત સ્ત્રી લેખનના મહત્ત્વ અંગે ડો. બજરંગ બિહારી તિવારીએ ઉચિત જ નોંધ્યું છે કે, "દલિત સ્ત્રી આત્મકથાએ એક મોટા અભાવની પૂર્તિ કરી છે. દલિત સ્ત્રીઓએ દલિત આંદોલનને બહુઆયામી-બહુસ્તરીય બનાવ્યું છે. પોતાની જિંદગીની હકીકત કહીને તેમણે આંદોલનની દિશાને ચોક્કસ ગતિ આપવાનું કાર્ય કર્યું છે. દલિત સ્ત્રીઓની જિંદગી, તેમની સમસ્યાઓથી આંબેડકરવાદી આંદોલન મજબૂત બન્યું છે. આપણા સમાજનું માળખું પિતૃસત્તાક છે. આ આત્મકથાઓના પ્રકાશન પછી ઘણી સરસ રીતે પિતૃસત્તાના 'દલિત સંસ્કરણ' પર ચિંતન-વિચાર-વિમર્શ શરૂ થયો છે." (અપેક્ષા,જુલાઈ-ડિસેમ્બર,૨૦૧૦,પૃ.૩૫) આત્મકથાઓ દલિત વિમર્શના નવા મુદ્દાઓ પ્રત્યક્ષ કરે છે. હાંસિયામાં રહેલી દલિત સ્ત્રી હવે સમતા અને સ્વતંત્રતાનું સ્વપ્ન જોવા માંડી છે. તે રૂઢિ, અંધશ્રદ્ધા, પિતૃસત્તા, આંતરિક દ્વંદ્વ ઉપરાંત શોષણની બધીયે પરંપરાઓનું ક્યારેક વિદ્રોહાત્મક તો ક્યારેક ચિંતનાત્મક રીતે ખંડન કરી સ્વસ્થ સમાજના નિર્માણ માટે મથામણ કરે છે.

એક હકીકત એ પણ સામે આવે છે કે મરાઠી સિવાયની ભાષાઓમાં વિચરતી-વિમુક્ત જાતિની આત્મકથાઓ સાંપડતી નથી!! ગુજરાતના મોટાભાગના આત્મકથાકારો ઉત્તર ગુજરાતના છે! એક માત્ર મણિલાલ રાનવેરિયા દક્ષિણ ગુજરાતના છે, જ્યારે કચ્છ, મધ્યગુજરાત, ચરોતર, સૌરાષ્ટ્રના દલિત આત્મકથાકારો નથી! બીજી એક હકીકત એ સામે આવે છે કે ગુજરાતમાં ઘણી દલિત જાતિઓ છે પરંતુ મોટાભાગના આત્મકથાકારો વણકર જાતિના છે! લલિત પરમારની 'આત્મકથા' અને માતા પ્રસાદની 'ઝોપડી સે રાજભવન' સિવાયની આત્મકથાઓમાં રાજકીય સંદર્ભ ઝાઝો જોવા મળતો નથી! મોટાભાગના આત્મકથાકારો અભાવો વચ્ચે શિક્ષણ મેળવીને શિક્ષક, અધ્યાપક અને અધિકારી બન્યા છે.

દલિત સાહિત્યમાં દલિત સર્જકને ઘડનારાં પરિબળો, ઘર-પરિવાર-શાળા-ગામ-શહેરનું વાતાવરણ, સ્થળાંતર (ગામડાંમાંથી શહેર), યુગસંદર્ભ, આત્મકથાકારની સાથે સંકળાયેલી કે તેમના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવનારી વ્યક્તિઓ વગેરે પણ અગત્યનો ભાગ ભજવે છે. જેમકે ભાલચંદ્ર મુણગેકરની 'મી અસા ઘડલો', નરેન્દ્ર જાધવની 'અમારો બાપ અને અમે', ઓમપ્રકાશ વાલ્મીકિની 'જૂઠન', તુલસી રામની 'મુર્દહિયા' જેવી આત્મકથાઓના આત્મકથાકારોએ પોતાનો સ્વ વિકાસ કેવી રીતે થયો, તેના ઘડતરમાં કોનો ફાળો છે તેનું વર્ણન કર્યું છે, જે આ આત્મકથાઓનું જમા પાસુ છે. હા, અહીં એક બાબત સ્પષ્ટ કરવી અનિવાર્ય છે કે આત્મકથાકારના ઘડતરમાં ભાગ ભજવનાર વ્યક્તિઓનો ઉલ્લેખ આવો જ જોઈએ પરંતુ 'હું' ગૌણ ન બની જાય એ ખૂબ જ મહત્ત્વનું છે, મોટાભાગની આત્મકથાઓમાં 'હું' ગૌણ બની ગયો છે! પરંપરાગત ગામડાંથી શહેરમાં થતું સ્થળાંતર દલિત લેખકને જાતિવાદી માનસિકતામાંથી મુક્તિ અપાવે છે કે કેમ? આવી આત્મકથાઓના માધ્યમથી જાણી શકાય છે. જો દલિત વ્યક્તિના ઘડતરમાં બિનદલિત વ્યક્તિનો ફાળો હોય તો તેને પણ નિખાલસતાથી ઉજાગર કરવું જોઈએ, કારણકે આત્મકથામાં તટસ્થતાનું ઘણું મહત્ત્વ છે. કેટલાક દલિત આત્મકથાકારોએ બિનદલિતોની હૂંફ પોતાના ઘડતરમાં કેવો અને કેટલો ફાળો આપ્યો છે તેની વાત સહજ રીતે કરી છે. સાહિત્ય જગતનો પણ પરિચય આ આત્મકથાઓ નિમિત્તે થાય છે. આ આત્મકથાઓ નિમિત્તે આત્મકથાકારોની સર્જક કેફિયતનો પરિચય મળે છે, તે ઉપરાંત કેટલીક આત્મકથાઓમાં દલિત અને બિનદલિત સાહિત્યકારોની સ્વાર્થી અને જાતિવાદી માનસિકતાને પણ ઉજાગર કરવામાં આવી છે. દા.ત.સૂરજપાલ ચૌહાણની 'તિરસ્કૃત', રુપનારાયણ સોનકરની 'નાગફની', 'નાગફની'માં દલિતોની સવાયા બ્રાહ્મણ બનવાની ખેવના અને ખાસ તો દલિતોની રાજનીતિ કરનારા દલિત બુદ્ધિજીવીઓ, સાહિત્યકારો-ધર્મવીર, ઓમપ્રકાશ વાલ્મીકિ, સોહનપાલ સુમનાક્ષર વગેરેની ટીકા કરવામાં આવી છે!

